ટુકવાડામાં ખેડૂતના ઘરે બકરાનો શિકાર કરનાર દીપડો પાંજરે પુરાયો

■ પારડી : પારડી તાલુકાના ટુકવાડા ગામે આહિર ફળીયામાં રહેતા ખેડૂત બાબુ આહિરના ઘરે બકરાનો દીપડાએ શિકાર કર્યો હતો. જેની જાણ સરપંચે વન વિભાગને કરતા પાંજરૂ ગોઠવ્યું હતું. ત્યારે ગત રાત્રિના શિકારની શોધમાં નીકળેલો દીપડો પાંજરે પુરાયો હતો. જેની જાણ થતા વન વિભાગની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી અને દીપડાનો કબ્જો મેળવી ખડકી નર્સરી લઇ જવામાં આવ્યો હતો. જ્યાં પશુચિકિત્સક દ્વારા દીપડાનું મેડીકલ ચેકઅપ કરી, નાયબ વન સંરક્ષક વલસાડના માર્ગદર્શન હેઠળ દીપડાને જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મોટી દમણ લાઈટ હાઉસ પાસે દરિયાકિનારે બે બોટમાં ભીષણ આગ

મોડી રાત્રે એક બોટમાં આગ લાગતા આગની જ્વાળા બાજુની બોટમાં પ્રસરતા બંને બોટને નુકસાન

દમણ : સંઘપ્રદેશ દમણના મોટી દમણ લાઈટ હાઉસ પાસે શુક્રવારની મોડી રાત્રે દરિયાકિનારે લંગારેલી માછીમારોની બોટમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. એક બોટમાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિકો અને માછીમારોએ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પવન અને આગની તીવ્રતા વધુ હોવાથી દમણ ફાયર વિભાગની મદદ લેવામાં આવી હતી. ફાયર વિભાગની પાંચ ટીમો ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ બાજુમાં લંગારેલી અન્ય એક બોટ પણ આગની ચપેટમાં આવી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત બે કલાકની ભારે જહેમત બાદ 'જશ્ન સાગર' (DD-03-MM-38888) અને 'મણિરત્ન' (DD-03-MM-00325) નામની બંને બોટમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ દુર્ઘટનામાં બંને બોટના એન્જિન અને સ્ટોરેજ કમ્પાર્ટમેન્ટ બળીને ખાખ થઈ ગયા હતા, જેના કારણે માછીમારોને મોટું આર્થિક નુકસાન થયું છે. સદનસીબે, આગ સમયે બોટ પર કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

સંક્ષિપ્ત સમાચાર

કર્કશ અવાજ કરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવનારા વાહનચાલકો સામે કાર્યવાહી

વલસાડ જિલ્લામાં કેટલાક ટુ વ્હીલર ચાલકો સાયલેન્સરમાં ફેરફાર કરી મોટા અવાજ ઉત્પન્ન થાય તે પ્રકારના ફેરવી રહ્યા છે. જેમાં કેટલાક ટુ વ્હીલરના સાયલેન્સરમાં ફટાકડા જેવા ફૂટવાના અવાજો પણ આવે છે. આવા કર્કશ અવાજ કરી ધ્વનિપ્રદૂષણ કરનારાઓ સામે વલસાડ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. વલસાડ શહેરમાં ચાર બુલેટો જપ્ત કરી હતી અને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

કપરાડાની સરકારી વિનયન કોલેજમાં પલાશ પર્વ-2026 ઉજવાયો

વલસાડ : કપરાડા તાલુકાની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ પલાશ પર્વ - 2026 કોલેજના ઈન્ચાર્જ આચાર્ય મનોજ પટેલના નેતૃત્વ હેઠળ ઉજવાયો હતો. કાર્યક્રમ દરમિયાન કોલેજના વાર્ષિક મેગેઝિન સરવાણી અને સાયબર જાગૃતિ માટે સાયબર જાગૃત્તિ પુસ્તિકાનું વિમોચન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટક અને મુખ્ય મહેમાન તરીકે હરેશ પટેલ, ઉચ્ચ શિક્ષણ નિરીક્ષક, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડે સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક પ્રસંગ દ્વારા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ઉર્વશીબેન એસ. વાઘમાર્યા યુનિવર્સિટી કક્ષાએ ઇતિહાસ વિષયમાં ગોલ્ડ મેળવ્યો હતો. તેમનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટક સત્ર બાદ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સ્ટુડન્ટ ઓફ ધ યર મેલ અને ફિમેલ પણ એનાયત કરવામાં આવ્યા હતાં. કોલેજના આચાર્ય મનોજ પટેલે મહેમાનોનું પુસ્તક અને કેસૂડાંના ફૂલથી સ્વાગત કર્યું હતું.

આહવા બેંકમાંથી મોબાઈલ ચોરનાર શખ્સ ગણતરીના કલાકોમાં ઝડપાયો

સાપુતારા : ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા વણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવાની સૂચનાને પગલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા મળી છે. પોલીસે આહવા બેંકમાંથી મોબાઈલની ચોરી કરનાર શખ્સને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. ઘટનાની વિગત મુજબ, આહવા સ્થિત ગ્રામીણ બેંકમાં કામ અર્થે આવેલા એક નાગરિકનો ₹૧૪,૦૦૦ની કિંમતનો ઓપ્પો કંપનીનો મોબાઈલ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છૂટ્યો હતો. આ અંગે આહવા પોલીસ મથકે ગુનો નોંધાતા LCBના PSI જે.જી. અનડકટ અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. તકનીકી સહાય અને બાતમીદારોની મદદથી પોલીસે આહવા બસ સ્ટેશન પાસે વોચ ગોઠવી જયેશભાઈ સોનુભાઈ કુંવર (રહે. ઝરણ, તા. સુબીર) નામના શખ્સને અટકાયતમાં લીધો હતો. તેની તલાશી લેતા ચોરીનો મોબાઈલ મળી આવ્યો હતો. આરોપીએ ગુનાની કબૂલાત કરતા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી માટે તેને આહવા પોલીસને સોંપ્યો છે.

બીલીમોરાની બેંકના સર્વર રૂમમાં આગ ભભૂકી

બીલીમોરા : બીલીમોરાની ICICI બેંકના સર્વર રૂમમાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા ભારે દોડધામ મચી ગઈ હતી. જોતજોતામાં આખા બેંક પરિસરમાં ધુમાડો ફેલાઈ જતા ગ્રાહકો અને સ્ટાફમાં ચિંતાનો માહોલ છવાયો હતો. ધુમાડાને કારણે સીધો પ્રવેશ શક્ય ન હોવાથી, ફાયર ફાઈટરોએ બીજી તરફથી કાચ તોડીને સર્વર રૂમમાં પ્રવેશ કર્યો હતો અને ફાયર એક્સટિંગ્યુશરની મદદથી ધુમાડાના સ્ત્રોતને ડામી મોટી દુર્ઘટના ટાળી હતી. હાલ સર્વર રૂમમાં કોઈ મશીનરીમાં શોર્ટસર્કિટના કારણે આ ધુમાડો ફેલાયો હોવાનું કહેવાય છ. બેંકમાં અવરજવર માટે માત્ર એક જ દરવાજો હોવાનું સામે આવ્યું છે જે ગંભીર બાબત છે. જો આ ધુમાડો આગમાં પરિવર્તિત થયો હોત, તો ઇમરજન્સી એક્ઝિટના અભાવે મોટી જાનહાનિ થઈ શકી હોત. બેંક જેવી જાહેર જગ્યાએ ઇમરજન્સી એક્ઝિટ ન હોવી તે ગંભીર બેદરકારી સૂચવે છે. હાલ ઉનાળો આકરો થઈ રહ્યો છે અને ગરમીને કારણે આગની ઘટનાઓમાં સતત વધારો થતો હોય છે. ત્યારે બીલીમોરા નગરપાલિકા માત્ર આ બેંક જ નહીં, પરંતુ શહેરની અન્ય તમામ જાહેર ઓફિસો અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ફાયર સેફ્ટી અને એક્ઝિટ પોઈન્ટની તપાસ કરે તે જરૂરી બન્યું છે. ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન ઘટે તે માટે તંત્ર અત્યારથી જ ગંભીરતા દાખવી કડક કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી છે.

બીલીમોરાની શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયનું ગૌરવ

બીલીમોરા : બીલીમોરાની શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના તાલીમાર્થીઓએ નવસારી જિલ્લામાં આયોજિત ગાંધી વિચાર સંસ્કાર પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સુવર્ણ ચંદ્રક મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન નવસારી જિલ્લામાં યોજાયેલી ગાંધી વિચાર સંસ્કાર પરીક્ષામાં બીલીમોરાની શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના તાલીમાર્થીઓએ ઉત્તમ સફળતા મેળવી છે. પટેલ ધ્રુવીકુમારી હિતેશભાઈ, ચૌધરી ચંદાબેન શિવરામભાઈ અને પટેલ પ્રતિભાબેન કેસુરભાઈએ નવસારી જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવી સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. આ પરીક્ષા દ્વારા તાલીમાર્થીઓમાં શાશ્વત અને નૈતિક જીવન મૂલ્યોનો વિકાસ થાય તેમજ ચારિત્ર્ય નિર્માણ માટે પ્રેરણા મળે તેવો ઉમદા પ્રયાસ કરવામાં આવે છે. પરીક્ષાની સંયોજક તરીકે ડો. અરુણાબેન કસવાલાએ મહત્વપૂર્ણ કામગીરી સંભાળી હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. કલ્પેશ ટંડેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ભુપેન્દ્ર અમીન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભરત અમીન, મંત્રી જસ્મીન દેસાઈ, ટ્રસ્ટીગણ તેમજ તમામ અધ્યાપકગણે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તાલીમાર્થીઓને બિરદાવ્યા હતા.

નવસારીમાં માતા સાવિત્રીબાઈ ફુલે અને મહાત્મા જ્યોતિરાવ ફુલેની પ્રતિમા સ્થાપિત કરવાની માંગ

નવસારી : નવસારીમાં માતા સાવિત્રીબાઈ ફુલે અને મહાત્મા જ્યોતિરાવ ફુલેની પ્રતિમા સ્થાપિત કરવાની માંગ ઉઠી છે. વિદ્યા સંજીવની મંડળ-નવસારી દ્વારા આ મુદ્દે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવાયું છે કે 10 માર્ચ માતા સાવિત્રીબાઈ ફુલેનો સ્મૃતિદિન છે. તેઓ ભારતની પ્રથમ મહિલા શિક્ષિકા તરીકે ઓળખાય છે અને મહિલાઓ તથા વંચિત વર્ગના શિક્ષણ માટે મહત્વપૂર્ણ કાર્ય કર્યું હતું. મહાત્મા જ્યોતિરાવ ફુલે સાથે મળીને તેમણે સમાજ સુધારણા અને શિક્ષણના પ્રસાર માટે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. સંસ્થાએ માંગ કરી છે કે નવસારી શહેરમાં ફુલે દંપતીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવે જેથી સમાજને તેમના કાર્યથી પ્રેરણા મળે. સાથે જ દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન એવોર્ડથી તેમને મરણોત્તર સન્માનિત કરવાની માંગ પણ કરવામાં આવી છે.

કિશોરી સાથે દુષ્કર્મ કરનાર કૌટુંબિક મામાને 20 વર્ષની સખત કેદ

આરોપીને દોષિત ઠેરવીને રૂપિયા 25,500નો દંડ ફટકારતો પણ હુકમ કરાયો

વલસાડ : વલસાડના ઉમરગામ તાલુકાના એક ગામમાં રહેતી 13 વર્ષની કૌટુંબિક ભાણેજને લલચાવી ફોસલાવી બજાર લઈ જવાની લાલચ આપી તેને જંગલમાં લઈ જઈ તેની સાથે બળજબરી કરી દુષ્કર્મ કરનાર મામા વિરૂદ્ધ વાપીની સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસમાં પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ. એન. વકીલે આરોપીને દોષિત ઠેરવી તેને 20 વર્ષની સખત કેદ અને રૂપિયા 25,500નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

ઉમરગામના ગામની કિશોરીને તેના કૌટુંબિક મામા રણજીત ઉત્તમ આંધેર (રહે. સરીગામ, ઓઝરિયા ફળિયું) એ સરીગામ બજાર લઈ જવાની લાલચ આપી હતી. તેણે તેને જણાવ્યું કે, ચાલ તને સરીગામ બજારમાંથી કપડા અપાવું, કહી તેને બાઈક પર બેસાડી તેને દરોડા ખાડીના જંગલમાં લઈ ગયો હતો. ત્યારબાદ તેણે તેની સાથે બળજબરીથી દુષ્કર્મ આચરી તેનો નગ્ન વિડીયો બનાવી દીધો હતો. આ વિડીયો બનાવી તેણે આ ઘટના વિષે કોઈને કહેશે તો તેને વાઈરલ કરી બદનામ કરવાની ધમકી આપી હતી. આ ઘટના અંગે કિશોરીની માતાએ ભીલાડ પોલીસ મથકે ફરિયાદ કરી હતી. ત્યારે પોલીસે આરોપી રણજીતની ધરપકડ કરી હતી. જેની સામે વાપીની સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેને વિવિધ કલમ હેઠળ 20 વર્ષની સખત કેદની સજા અને રૂપિયા 25,500ના દંડની સજા ફટકારતો ચૂકાદો કોર્ટે આપ્યો હતો.

સરકારી વકીલે 7 વર્ષમાં 100 કેસમાં સજા અપાવી

વલસાડ જિલ્લામાં સરકારી વકિલ તરીકે ફરજ બજાવતા અનિલ ત્રિપાઠીએ છેલ્લા 7 વર્ષમાં પોતાના કાર્યકાળ દરમિયાન 100 કેસમાં આરોપીઓને સજા અપાવી છે. જેમાં 100 થી વધુ આરોપીઓને જેલની સજા થઇ છે. તેઓ વર્ષ 2019થી સરકારી વકિલ તરીકે જોડાયા હતાં. જેમને હાલ 7 વર્ષ થઇ ગયા છે. આજના ચૂકાદાની સજા સાથે તેમની કુલ 100 કેસમાં સજાનો હુકમ થયો છે.

કપરાડા નાસિક માર્ગ ઉપર ચાવશાળા નજીક ટ્રકમાં ભારે આગ ભભૂકી

ધરમપુરથી ફાયર ફાઈટર આવ્યા બાદ આગ પર કાબુ મેળવાયો, માલ સામાન બળીને ખાખ

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા નાસિક માર્ગ ઉપર ચાવશાળાથી પસાર થઈ રહેલી પ્લાસ્ટિકના દાણા ભરેલી ટ્રકમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઇ હતી. સ્થાનિકો દ્વારા આગ ઓલવવાનો પ્રયાસ કરવા છતાં આગ વિકરાળ બનતા આખરે ધરમપુર ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોંચી આગને ઓલવી હતી. જોકે સમયસૂચકતા વાપરી ચાલક ટ્રકની બહાર નીકળી જતા બચાવ થયો હતો. ટ્રકમાં મુકેલો તમામ માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

બે તાલુકા છતાં ફાયર ફાઈટર નથી

કપરાડા તાલુકા સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્ર બે અડીને આવેલો તાલુકો છે. વળી મહારાષ્ટ્ર તરફ જતો માર્ગ નેશનલ હાઈવે 848 તરીકે તબદીલ કરાયો છે. હજારો વાહન અહીંથી પસાર થાય છે. જેમાં અકસ્માતો સમયે વાહનોમાં કે ગ્રામ્ય વિસ્તારોમાં આગ લાગવાની ઘટનાઓમાં આગ બુઝાવવા સ્થાનિક કક્ષાએ ફાયર ફાઇટર નથી. ધરમપુર અથવા વાપી ઉપર આશરો રાખવો પડે છે. જોકે તે દૂર હોય આવતા સુધીમાં મોટું નુકસાન થઈ ચૂક્યું હોય છે, ત્યારે અહીં એક ફાયર ફાઈટરની આવશ્યકતા રહેલી છે.

સંક્ષિપ્ત સમાચાર

સોનવાડામાં ટ્રેક્ટરની આર.સી. બુક મુદ્દે પાડોશીનો વૃદ્ધ ખેડૂત પર હુમલો

પારડી : પારડી તાલુકાના સોનવાડા ગામમાં ટ્રેક્ટરની આર.સી. બુક અને જમીન પરના લોનના બોજા બાબતે થયેલા વિવાદમાં મારામારીની ઘટના બની છે. આ અંગે પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ઘટનાની વિગત મુજબ, સોનવાડાના ભગત ફળિયામાં રહેતા ૬૦ વર્ષીય ખેડૂત દિલીપભાઈ પટેલના પાડોશી અરવિંદભાઈ પટેલે અગાઉ દિલીપભાઈની જમીન પર લોન લઈ ટ્રેક્ટર ખરીદ્યું હતું. અરવિંદભાઈએ લોન ભરપાઈ કર્યા વિના જ ટ્રેક્ટર વેચી દીધું હતું અને ત્યારબાદ દિલીપભાઈ પાસે આર.સી. બુકની માંગણી કરી હતી. દિલીપભાઈએ પોતાની જમીન પરથી લોનનો બોજો દૂર કરવાની શરત મુકતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ અદાવતમાં અરવિંદભાઈએ દિલીપભાઈને રસ્તામાં રોકી ગાળાગાળી કરી હતી અને ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલા ધારિયા વડે દિલીપભાઈના જમણા હાથ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. હુમલાખોરે જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા પોલીસે દિલીપભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડ પોલીસે બાઈક-કાર ચોરીના આરોપીને ઝડપી પાડ્યો

વાપી/વલસાડ : સુરતના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક એ.કે.વર્માએ વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા સુચના આપી હતી. વલસાડ સીટી પોલીસ મથકમાં મોહમદ અસઘર રાયન (રહે. નાના તાઈવાડ, વલસાડ)એ ફરિયાદ નોંધાયેલી હતી કે, સ્ટેડિયમ રોડ પર બાઈક પાર્ક કરી નમાજ માટે ગયા હતા અને પરત આવ્યા તો બાઈક ચોરી થઈ ગઈ હતી. આ બાદ વલસાડ સીટી સર્વેલન્સને મળેલી બાતમીના આધારે વલસાડ હાલર સર્કિટ હાઉસ તરફ જતા માર્ગ પરથી ચોરીની બાઈક સાથે ઈકબાલ અનવર મજોઠી (ઉ.42, રહે. ભુજ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે વધુ પૂછતાછ કરતા તેણે ભુજ સમખીયાળીમાંથી ઈક્કો કારની ચોરી કરી હતી અને તે ભુજથી વલસાડ આવ્યો હતો અને કાર બંધ પડી ગઈ હતી. જે બાદ પોલીસે તપાસ કરતા વલસાડ કચેરી રોડ પરથી ચોરી કરેલી કાર પણ મળી આવી હતી અને ભુજ સમખયાળી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી કાર ચોરીનો ગુનો પણ ડીટેક્ટ કરવામાં સફળતા મેળવી હતી. પકડાયેલા ઈકબાલ સામે ભુજ શહેર પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ 3 ગુનાઓ નોંધાયેલા હતા.

ડુંગરીમાં પડોશીએ બીજાના ઘર આગળ કાર પાર્ક કરી દાદાગીરી કરતા ફરિયાદ

વાપી/વલસાડ : વલસાડ ડુંગરી પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વલસાડના સોનવાડા, દેસાઈ ફળિયમાં અલકાબેન અશોકભાઈ દેસાઈ (ઉ.57) પરિવાર સાથે રહે છે. તેઓના ઘર આંગણા નજીકમાં જ પડોશમાં રહેતા અંકિત હરેશભાઈ પટેલ ફોર વ્હીલર ગાડી ઉભી રાખી હતી. જેથી અલકાબેને તેને ગાડી આગળ ઉભી રાખવાનું કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગમેતેમ બોલી મારવાની કોશિષ કરી હતી અને ધમકી ઉચ્ચારી હતી. જે બાદ અંકિત ઘરની સામે ગાડી ધીમી પાડી આંટાફેરા મારતા જોવા મળતા ફરિયાદ અલકાબેને વલસાડ ડુંગરી ફળિયામાં કરી હતી.

29.50 કરોડના મેફોડ્રોન ડ્રગ્સના આરોપીના જામીન ફગાવાયા

બીમાર માતાની માંદગીનું કારણ આપી ૨૦ દિવસ માટે વચગાળાના જામીન ઉપર મુક્ત થવા જામીન અરજી કરી હતી

વાપી : એનડીપીએસ એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડી. જે. શાહે ૨૯.૫૦ કરોડ રૂપિયાના મે ફોડ્રોન ડ્રગ્સના ગુનામાં સંડોવાયેલા આરોપી મોહનલાલ ના રાયણલાલ પાલીવાલની ગુજરાત એટીએસ, અમદાવાદ દ્વારા ધરપકડ કર્યા બાદ આરોપી દ્વારા પોતાની બીમાર માતાની માંદગીનું કારણ આપી ૨૦ દિવસ માટે વચગાળાના જામીન ઉપર મુક્ત થવા જામીન અરજી કરતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની વચગાળાની જામીન અરજી કોર્ટે નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત એવી છે કે, ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ દ્વારા વાપીમાં એક ઓપરેશન પાર પાડીને રહેણાંક વિસ્તારમાં ચાલતા ડ્રગ્સ બનાવવાના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. વાપીના ચલા રોડ પર આવેલા મોહિદ ટાવર નજીકના એક બંગલામાં દરોડો પાડી પોલીસે આશરે 29.50 કરોડ રૂપિયાની કિંમતનું 5.9 કિલોગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. પોલીસે સ્થળ પરથી મોહનલાલ નારાયણલાલ પાલીવાલ નામના શખ્સની ધરપકડ કરી હતી. ATS દ્વારા વાપીના ચલા રોડ પર મનોજસિંહ ઠાકુરના કબજા હેઠળના બંગલામાં તપાસ હાથ ધરી હતી. આ દરોડા દરમિયાન બંગલાના હોલમાંથી ડ્રગ્સ બનાવવાની સામગ્રી, ઈલેક્ટ્રિક હીટર્સ, કાચના બીકર્સ અને કેમિકલ્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે, આ બંગલાનો ઉપયોગ લેબોરેટરી તરીકે કરવામાં આવતો હતો, જ્યાં કેમિકલ પ્રોસેસ દ્વારા ડ્રગ્સ તૈયાર કરવામાં આવતું હતું. ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં મેહુલ ઠાકુર અને વિવેક રાય ડ્રગ્સ બનાવીને મોહનલાલને સૂકવવા માટે આપી ગયા હતા અને ત્યારબાદ તેને મહારાષ્ટ્ર બોર્ડર પર ડિલિવરી કરવાનું આયોજન હતું. આ મામલે ATS દ્વારા NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

વાપી RPF દ્વારા મોબાઈલ ચોરને ઝડપી લેવાયો

વાપી : વાપી રેલવે પોલીસ દ્વારા સીસીટીવીની ચકાસણી દરમિયાન પ્લેટફોર્મ નં.1 ઉપર સૂતેલા મુસાફરના ખિસ્સામાંથી એક ઈસમ મોબાઈલ ફોન ચોરીને ભાગતો નજરે પડ્યો હતો. જે બાદ તરત જ રેલવે પોલીસ ટીમ દ્વારા તેનો પીછો કરી સચિન મારૂતિ ચરેકર (ઉ.40, રહે. મહારાષ્ટ્ર) ઝડપી પાડ્યો હતો. તેની અંગઝડતી કરતા ખીસ્સામાંથી બે મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જેમાં એક ફોન અંગે તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જ્યારે પોલીસે સૂતેલા મુસાફરને જગાડી નામઠામ પૂછતા પવનકુમાર રાવત (ઉ.35, હાલ રહે. હરિયાણા હોટલની બાજુમાં આવેલ ચાલીમાં, વાપી) હોવાનું જણાવ્યું હતું અને તેની ફરિયાદ બાદ તેનો ચોરી થયેલ મોબાઈલ પરત કર્યો હતો.

વલસાડમાં નજીવી બાબતે બે પક્ષો વચ્ચે મારામારી

વાપી/વલસાડ : વલસાડ ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વલસાડ એવરસાઈન ટાવરમાં રહેતો હુસેન હાજીભાઈ રિંડાની (ઉ.45) બિલ્ડીંગના પાર્કિંગમાં હતો તે સમયે બિલ્ડીંગમાં જ રહેતો સાબીર ઈકબાલ કદમ ઘુરીને જોતો હતો જેથી હુસેન પણ જોઈ રહ્યો હતો. જેથી સાબીરે કહ્યું કે, કેમ ઘુરીને જોયા કરે છે કહી ઢીક્કામુક્કી કરી હતી. જે બાદ સાબીરની પત્ની આફરીન પણ આવી ગમેતેમ બોલતી હતી. જે બાદ બિલ્ડીંગના પ્રમુખ અને સભ્યો સાથે મળી સમાધાન કરવા માટે ભેગા થયા હતા ત્યારે પણ સાબીર અને તેની પત્ની તથા અમીર ઈમ્તીયાઝ પોચાએ ફરીથી ઝઘડો કરી મારામારી કરતા વલસાડ ટાઉન પોલીસ મથકે ફરિયાદ કરી હતી.

જ્યારે સામા પક્ષે સાબીર ઈકબાલ કદમ (ઉ.44)એ પણ ફરિયાદ નોંધાવી હતી કે, તેઓના છોકરાઓ બિલ્ડીંગમાં દોડતા હતા જે અંગે હુસેન રિન્ડાણીને કહ્યું હતું. જે બાદ સાબીર પાર્કિંગમાં હતો ત્યારે હુસેન ગુસ્સામાં આવી ગમેતેમ બોલી ઝઘડો કર્યો હતો અને તે બાદ બિલ્ડીંગમાં સમાધાન માટે મીટીંગ ચાલુ હતી. તે વખતે હુસેન, વસીમ હસન, કેફ ઈસ્માઈલ, આસીમ કાદર, એઝાઝ ઉસ્માન, હસન ઈસ્માઈલ, નાઝમીન હુસેન ભેગા મળી મારામારી કરી હતી.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પરિવાર સાથે નવસારી પધાર્યા

નવસારી : ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજે પરિવાર સાથે નવસારીની મુલાકાતે પહોંચ્યા હતા. શહેરના સર્કિટ હાઉસ ખાતે કલેક્ટર શિપ્રા અગ્રે દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રોટોકોલ મુજબ અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓ તૈનાત રાખવામાં આવ્યા હતા જેથી સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ શકે. મળતી માહિતી અનુસાર, રામનાથ કોવિંદ નવસારીમાં પોતાના રોકાણ દરમિયાન પરિવાર સાથે શહેરના કેટલીક ઐતિહાસિક તથા મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત લે તેવી શક્યતા છે. સાથે જ તેઓ અહીં પોતાના નજીકના ઓળખીતાઓ અને મિત્રોને પણ મળી શકે છે.